NYC Mayor's Office of Immigrant Affairs

# ઇમિગ્રેશન કોર્ટ 101

Gujarati | ગુજરાતી

**ઇમિગ્રેશન કોર્ટ**માં, તમને ઇમિગ્રેશન જજ સમક્ષ તમારો કેસ રજૂ કરવાની અને તમને શા માટે યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેવા દેવા જોઈએ તે દર્શાવવાની તક મળશે. જો તમે ઇમિગ્રેશન કોર્ટમાં તમારો કેસ હારી જાઓ, તો તમે અપીલ ફાઇલ કરી શકો છો.

**તમને દેશનિકાલ કરવામાં આવી શકે છે, જો:**

- તમે ઇમિગ્રેશન કોર્ટમાં કેસ હારી જાઓ અને અપીલ ન કરો,
- તમે અપીલ કરો અને હારી જાઓ.

## ઇમિગ્રેશન કોર્ટમાં કોણ હાજર હશે?



- ત્યાં **ઇમિગ્રેશન જજ** હશે જે નક્કી કરશે કે તમને યુનાઇટેડ સ્ટેટ્સમાં રહેવાની પરવાનગી છે કે નહીં.
- ત્યાં **એક વકીલ** હશે જે સરકાર માટે કામ કરે છે. તેમનું કામ યુનાઇટેડ સ્ટેટ્સ સરકારનું પ્રતિનિધિત્વ કરવાનું છે. તેઓ તમારા માટે કામ કરતા નથી.
- **જો તમારી પાસે વકીલ હોય**, તો તેમને હંમેશા કોર્ટરૂમમાં તમારી સાથે રહેવાની છૂટ છે, અને તેઓ તમને ફોન કરી શકે છે કે મળી શકે છે.

**યાદ રાખો: સરકાર તમને વકીલ પૂરો પાડશે નહીં, પરંતુ કોર્ટમાં તમારું પ્રતિનિધિત્વ કરવા તમે વકીલ રોકી શકો છો.**

## તમારી ઇમિગ્રેશન કોર્ટની તારીખ તપાસવી

- તમારી કોર્ટની તારીખ જાણવા માટે, તમારે તમારા A-નંબરની (A-number) જરૂર પડશે. (ઉદાહરણ: A 000-000-000). આ નંબર સરકાર દ્વારા ફાળવવામાં આવે છે અને ઇમિગ્રેશન દસ્તાવેજો પર જોવા મળે છે.
- સ્વચાલિત કેસ માહિતી પ્રણાલી (Automated Case Information system) નો ઉપયોગ કરી તમારી સુનાવણીની વિગતો તપાસો. નીચે બે રીતો છે:
  - હોટલાઇન 1-800-898-7180 પર કૉલ કરો. તમારો A-નંબર દાખલ કરો અને ઑપરેટરની સૂચનાઓ અનુસરો.
  - આ વેબપેજની મુલાકાત લો: https://acis.eoir.justice.gov/en/. સર્ચ બોક્સમાં તમારો A-નંબર લખો અને “Enter” (દાખલ કરો) પર ક્લિક કરો.

**આ પત્રિકામાં ફક્ત સામાન્ય માહિતી છે. આ કાનૂની સલાહ નથી. કાનૂની સલાહ માટે વકીલનો સંપર્ક કરો.**

NYC Mayor's Office of Immigrant Affairs

# ઇમિગ્રેશન કોર્ટ 101

Gujarati | ગુજરાતી

## તમારી રૂબરૂ સુનાવણીને વર્ચ્યુઅલ/ટેલિફોનિક સુનાવણીમાં બદલવી

જો તમે તમારી ઇમિગ્રેશન કોર્ટની રૂબરૂ સુનાવણીને ઑનલાઇન કે ટેલિફોનિક ફૉર્મેટમાં બદલવા માંગતા હો, તો તમારે કોર્ટમાં ઔપચારિક વિનંતી ફાઇલ કરવી પડશે. નિયત આગામી સુનાવણીની તારીખ પહેલાં શક્ય તેટલી વહેલી તકે આ વિનંતી જમા કરવી મહત્ત્વપૂર્ણ છે. આમ કરતી વખતે, **વકીલની સલાહ લેવાનું** યાદ રાખવું જોઈએ.



- કાનૂની સલાહ વકીલ પાસેથી લેવી જોઈએ, જે જરૂરી દસ્તાવેજો યોગ્ય રીતે તૈયાર કરવા અને ફાઇલ કરવામાં મદદ કરી શકે.
- તમારે કોર્ટમાં 'સુનાવણીનું સ્વરૂપ બદલવાની દરખાસ્ત' (Motion to Change Hearing Format) ફાઇલ કરવી પડશે. ઇમિગ્રેશન જજ વિનંતીની સમીક્ષા કરી તમને અથવા તમારા વકીલને નિર્ણયની જાણ કરશે.
- જો દરખાસ્ત મંજૂર થાય, તો સુનાવણી ઑનલાઇન થશે; જો નામંજૂર થાય, તો સુનાવણી રૂબરૂ રહેશે.

## કાનૂની પ્રતિનિધિત્વ શોધવું

તાજેતરના મહિનાઓમાં, ઇમિગ્રેશન કોર્ટની અંદર ઇમિગ્રેશન એન્ફોર્સમેન્ટ પ્રવૃત્તિના અહેવાલો આવ્યા છે. જો તમારી અટકાયત થાય, તો તે માટે તમારી પાસે અગાઉથી યોજના હોવી હિતાવહ છે. જો તમને પ્રશ્નો હોય, તો વકીલ સાથે વાત કરો.

**મફત અને ગોપનીય ઇમિગ્રેશન કાનૂની મદદ માટે મેયરની ઇમિગ્રેશન મામલાઓની કચેરી (Mayor's Office of Immigrant Affairs, MOIA) ની ઇમિગ્રેશન લીગલ સપોર્ટ હોટલાઇન પર કોલ કરો:**

**1-800-354-0365**

સોમવારથી શુક્રવાર, સવારે 9 થી સાંજે 6 દુભાષિયા સેવા ઉપલબ્ધ છે

દરેક ઇમિગ્રેશન કોર્ટ પાસે નજીકમાં મફત અથવા ઓછી ફી લેતા ઇમિગ્રેશન કાનૂની સેવા પ્રદાતાઓની યાદી હોય છે.

તમારી કોર્ટની નજીક મફત ઇમિગ્રેશન કાનૂની સંસ્થાઓની યાદી અગાઉથી જોવા માટે QR કોડ સ્કેન કરો અથવા અહીં જાઓ:
www.justice.gov/eoir/list-pro-bono-legal-service-providers

**આ પત્રિકામાં ફક્ત સામાન્ય માહિતી છે. આ કાનૂની સલાહ નથી. કાનૂની સલાહ માટે વકીલનો સંપર્ક કરો.**